# -: હિસાબ-કિતાબ :-

બહમદિલ્લાહ મૌલાનલ મન્નાન (ત.ઉ.શ.) ની રઝા અને રિઝા થી ઈબ્તેદા થયેલા માહાના અખ્બાર "અલ-હાદી" ને બે વર્ષ થઈ ગયા. ખુશી અને મસર્રતની ગવાહી એ છે કે, હમેં હમારા મકસદ અને ઈરાદામાં અઝહદ કામિયાબ થયા છે, જે મુમેનીનમાં દીની-ઈલ્મી, ઝૌકો-શૌક ની પહેચાન કરાવે છે, દીની માઅલૂમાત થી તમામ પ્યાસાઓની પ્યાસ બૂઝાવીને તેથી બોહરાવર કરવાની હમારી આ કૌશિશે પૈહમ નો કારવાઁ એ અઝીમ આપ તમામ મુમેનીન-સામેઈન-કારેઈન-શાયેકીન ના તઆવુન અને હમરાહ આવનારી નવી મંઝિલો સર કરતો રહે, એ જ આ અખ્બારના તીસરા વરસની ઈબ્તેદામાં માઅબૂદે રબ્બાની ને નઝદીક દોઆએ કરીમા છે.

ફિક્રો ફહેમવાલા ઈન્સાન નવા સાલની ઈબ્તેદાહ સાથે દિલમાં ઘણા મન્સૂબાઓ લઈ ઉઠે છે અને મુસ્તકબિલને રૌશન બનાવવા આ જ ઈરાદાઓ મશઅલે રાહ સાબિત થાય છે. અપના નબીઓ, વસીઓ, ઈમામો, દોઆતો એ આ જ તરીકાને અપનાવી એક મોનઝઝમ, મોઅદ્દબ અને આબાદ કૌમની તરબીયત, પરવરિશ અને નશ્વનુમા વાસ્તે પોતાના આઅલા અને મજબૂત ઈરાદાઓને અમલી લિબાસ પહેરાવીને, પોતાની ઝિંદગીને સર્ફ કરીને અઝીમ કુરબાની આપેલી છે; અપને સઘલા અલ્લાહના આ પ્યારા વલીઓના અકીદતમંદો, નામ લેવા અને પૈરો છે, જેથી અપને પર વાજિબ થઈ જાય છે કે, આ વલીઓની ઝિંદગીથી સબક હાસિલ કરીને અપની દુનિયા અને આખેરત ને રૌશન બનાવીએ.

**" મુમિન વો હે, કદમ-બ-કદમ દાઈ કે, ચલે. "**

નવું સાલ, હકીકતમાં તમામને પોતાની અધૂરી રહેલી તમન્નાઓ અને ખ્વાહિશો ને તકમીલ પર પહોંચાડવાનો પૈગામ આપે છે. "અલ-હાદી" અંજાન મરીઝને હકીમ-ડોકટરની શિકલમાં મુફીદ અને બાઅસર નુસ્ખો-ટોનિક પીવડાવીને દીની સેહત અતા કરી રહ્યું છે, ઈન્સાનની ઝિંદગીના ત્રણ તબકા હોય છે - ઈબ્તેદા, દરમિયાન અને ઈન્તેહા. આ તબકાઓ મુજબ હર કામની ઈબ્તેદા અને ઈન્તેહા હોય છે. **જેની ઇબ્તેદા ઉમદા હોય તો તેની ઇન્તેહાને ખુશગવાર બનાવવું કોઇ મુશ્કિલ કામ નથી.** મુમિનને લાયક છે કે, ઈમ્તેહાનમાં લખાતા જવાબોની જેમ હર ચીઝની ઈબ્તેદાથી જ નશાત, ચુસ્તિ અને સ્ફૂર્તિ નો ઈઝહાર કરીને તેની ઈન્તેહા તક કમરબસ્તા રહીને કામિયાબીનો સેહરો પોતાના સર પર બાંધે.

અપને દરમિયાન એક આમ ઈન્સાનનું ઝહન આનાથી જુદાગાના છે, ઈબ્તેદામાં જોશો ખરોસ પછી "મારો કેટલો ફાયદો ?" અને આખિરમાં "અય શૈખ, અપની અપની દેખ," એવી હાલત થાય છે. મગર, અય બાહૌશ અકલમંદો, આ ૧૪૨૭ હિજરી સાલ ના ઈબ્તેદાથી જ કઈક સંગીન અને નક્કર કરવાની તમન્ના સાથે **"હુસૈનીયત"** નો પરચો બતાવવાની બાહમી તદબીર કરીએ. યકીનન કામ મુશ્કિલ હોય શકે પણ નામુમ્કિન હરગિઝ નથી. પહેલા જ કતરા માં ઘડો ભરાઈ જતો નથી, ઘડો ભરાવવા વાસ્તે સબ્ર, વક્ત અને તહમ્મુલની ઝરૂરત છે; આગલ વધવું છે, તો પાછલી ખામીઓને છોડો; ઉમદા કરવું છે, તો ખરાબને ભૂલો; નવું કરવું છે, તો જૂનું છોડો; દોસ્તી કરવી છે, તો દુશ્મનીનો છેડો ફાડો; કામિયાબ થાવું છે, તો મહેનતનું દામન થામો; "૧૦૦" હાસિલ કરવાના ઈરાદા વાસ્તે "૧" ઘૂંટવાની તૈયારી રાખવી પડશે.

નવા વરસના બલંદ ઈરાદાઓને તકમીલ પર પહોંચાડવા વાસ્તે તમારી તલવાર તમારા હાથમાં છે. અને એ તલવારનું નામ છે "અઝમો-ઈસ્તિકલાલ", યાદ કરો કરબલાનું એ મૈદાન અને આકાએ નામદાર ઈમામ હુસૈન (અ.સ.) ની ઈસ્લામને તાબિંદગી બખ્શવા વાસ્તેની કુરબાની ના સરચશ્મા જેવી ભૂખી-પ્યાસી મગર દિલૈરી ભરી ઝિંદગી. **આખેરતમાં ઇઝ્ઝતો જલાલતનો શૌક રાખવા વાસ્તે દુનિયા પરસ્તી અને શોહરત પસંદીની રાહને છોડવી તો પડશે જ.**

The object of a new year is not that we should have a new year but it is that we should have a new soul.

૧ મોહર્રમ, ૧૪૨૭ ના તુલૂએ આફતાબ થી જાગ્યા ત્યારથી સવાર સમઝીને રોઝ-રોઝ ના બનાવોનું એડીટીંગ કરજો. એમાં ઈરાદાને કેટલા માર્ક અને ઈત્તેફાક (અચાનક) ને કેટલા માર્ક આપવા એનો સ્કૉર ગણજો. સ્કૉર વધે તો જાણજો કે, વાહ, ક્યા ખૂબ હે લાઈફ !

અય્યામે ગમ સાથે ઈબ્તેદા થાતું નવું સાલ હુઝૂરે આલી સૈયદના વ મૌલાના તૈયબ ઝિયાઉદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની બાઅસર અને નેક દોઆઓના તુફૈલ તમામ અહલે બૈત (અ.સ.) ના હક્કના મુમેનીન વાસ્તે આલમાં, માલમાં, તિજારતમાં, કારોબારમાં કામિયાબો-કામરાની ની મુબારક અને મોહન્ના ખબર લાવનારૂં બને અને "અલ-હાદી" ની ટીમ આ જ તરહની પોતાની હરચંદ કોશિશોથી આપની દીની તલબ, ચાહત અને રગબત ને વધારતી રહે, એ ઉમ્મીદ સાથે અલ્લાહ હાફિઝો નાસિર. ★